# શહીદે સાલિસ

## (ત્રીજા શહીદ)

: લેખક :

**અલ્લામા હાજીનાજી સાહેબ**


: પ્રકાશક :

**હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

માળીના ટેકરા, આંબાચોક. ભાવનગર–૩૬૪૦૦૧.
(ગુજરાત–ઈન્ડીયા)



ફોન : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬
મોબાઈલ : +૯૧–૮૪૬૦૫૩૪૫૯૮
વેબસાઈટ : www.hajinaji.com
ઈમેલ : hajinajitrust@gmail.com

કિતાબ : શહીદે સાલિસ (ત્રીજા શહીદ)

લેખક : અલ્લામા હાજીનાજી સાહેબ

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ, ભાવનગર.

આવૃતિ : પ્રથમ (ડીસેમ્બર-૨૦૧૭)

નકલ : ૨૦૦૦

હદિયો : ૧૫/-

## પ્રાપ્તિ સ્થાન

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ, | મો.: | ૮૪૬૦૫૩૪૫૯૮ |
| ભાવનગર | : બરકતભાઇ કેબીનવાળા, | મો.: | ૯૯૨૪૮૦૨૮૪૬ |
| મુંબઇ | : ઇસ્નાઅશરી બુક ડીપો, | ફોન: | ૨૩૪૬૭૦૬૨ |
| મુંબઇ | : પંજેતની બુક ડીપો, | મો.: | ૯૮૧૯૬૩૭૩૭૦ |
| મુંબઇ | : રાહેનજાત બુક ડીપો, | ફોન: | ૨૩૪૬૦૬૧૪ |
| અમદાવાદ | : શબ્બીરભાઇ નૂરાની, | મો.: | ૯૩૭૬૧૬૮૩૦૬ |
| અમદાવાદ | : એહમદભાઇ માસ્ટર, | મો.: | ૯૮૯૮૩૩૯૨૭૯ |
| વડોદરા | : અય્યુબભાઇ ટીનવાલા, | મો.: | ૯૪૨૮૮૮૧૪૭૨ |
| કાણોદર | : અલનજફી ઇ. લાઇબ્રેરી, | મો.: | ૯૭૨૫૪૦૮૬૭૫ |
| મહુવા | : અલમદાર બુક ડીપો, | મો.: | ૯૨૭૫૧૧૦૬૩૦ |
| મેતા | : ઝયનબીયાહ ઇ. લાઇબ્રેરી, | મો.: | ૯૮૯૮૩૬૯૦૮૯ |

# અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પેજ |
|---|---|---|
| ૦૧) | શહીદે સાલિસ લકબ (ટાઇટલ)નું કારણ ... | ૦૧ |
| ૦૨) | શહીદ ........................................ | ૦૩ |
| ૦૩) | ઇલ્મ ........................................ | ૦૪ |
| ૦૪) | જનાબનું હિન્દમાં આવી બાદશાહ પાસે માનવંત થવું ........................... | ૦૬ |
| ૦૫) | જનાબની શહાદત ........................ | ૧૦ |
| ૦૬) | જનાબની લાશની કરામત અને દફન ..... | ૧૬ |
| ૦૭) | જનાબની આયુષ્ય વિગેરેનો અહેવાલ ...... | ૨૧ |
| ૦૮) | જનાબના ખુનનો બદલો લેવો .............. | ૨૩ |
| ૦૯) | જનાબની ઝિયારતનો સવાબ .............. | ૨૮ |
| ૧૦) | વાર્ષિક મજલીસો ........................... | ૩૦ |
| * | શહીદે સાલિસની ઝિંદગીનો ટૂંકો પરિચય ... | ૩૧ |

# નિવેદન ...

બિસ્મિલ્લા હિર રહમાનિર રહીમ

અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન, વસ્સલાતો વસ્સલામો અલા ખયરે ખલ્કેહી મોહમ્મદીન વ આલે હિત્તય્યેબીન ત્તાહેરીન અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.

ખુદાએ તઆલાની તાઅરીફ અને એહલેબૈત (અ.મુ.સ.) ઉપર બેશુમાર સલવાતની બાદ અરજ કે આએ પુસ્તીકા નાએબે ઈમામ જનાબ સૈયદ નુરૂલ્લાહ સાહેબ શુસ્ત્રી (અ.મ.)ના અહવાલમાં અને ખાસ કરીને તેમની શહાદત વિશે લખવામાં આવેલ છે, તેથી તેમના વિશે ટુંકમાં દરજ કરેલ છે.

લી.ખાદીમે મિલ્લત,

હાજી ગુલામેઅલી હાજી ઈસ્માઈલ

અધિપતી રાહેનજાત-ભાવનગર.

(તા.૧લી માહે રબીઉલ અવ્વલ, હીજરી સન ૧૩૬૨)

# શહીદે સાલિસ લકબ (ટાઇટલ)નું કારણ

એ જનાબને શહીદે સાલિસ એટલે ત્રીજા શહીદ કહેવામાં આવે છે, તો જયારથી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ને પયગંબરી મળી અને આપે લોકોને હિદાયત કરવી શરૂ કરી અને કુફફારોએ આપને કત્લ કરવા લડાઈયો કરી તો એ લડાઈયોમાં હજારો મુસ્લીમો શહીદ થઈ ગયા છે ઉપરાંત લડાઇ વિના ઘણાં નેક લોકોને ઝાલીમોએ શહીદ કરી નાખ્યા છે, તો આજ સુધી હજારો શહીદ થઈ ગયા છે ત્યારે આ જનાબને ફકત ત્રીજા શહીદ શા માટે કહેવામાં આવે છે તે વિશે જાણવું કે ખુદાએ તઆલાએ પોતાના પયગંબરો, ઈમામો વિગેરેને જે દરજ્જા આપેલા છે તેમાં તે તમામ એક સરખા નથી, દરેકની લાયકાત અને ઈલ્મ વિગેરેની બાબતમાં જેટલી ચડતી બાબત હોય છે તેટલો તેટલો વધારે દરજ્જો આપેલ છે તો હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પછી જે ઈસ્નાઅશરી મઝહબના મુજતહેદ નાએબે ઈમામ આલીમો થયા છે તેમાં કેટલાકને ઝાલીમોએ શહીદ કરેલ છે પણ એ બુઝુર્ગવારોમાં ત્રણ નાએબે ઈમામ એવા મહાન થઈ ગયા છે કે તેમની ફઝીલતો, કરામતો, માઅરેફત, ઈલ્મ વિગેરે બહુજ વધારે હતું અને તેઓએ લોકોની હિદાયત માટે એવી એવી કોશિશો કરી છે કે જે બીજાઓથી ભાગ્યેજ એવી કોશિશો થઈ હશે અને તેથીજ એવા ખાસ શહીદ થએલાઓમાં પેહલાં જનાબ શેખ શમ્સુદીન અબુ અબ્દીલ્લાહ મોહમ્મદ ઈબ્ને મક્કી બિન મોહમ્મદ બિન હામેદુલ આમેલી બહરયની છે કે તેઓને ઝાલીમોએ સને ૭૮૬ હીજરીમાં શહીદ

કરી નાખેલ છે જે ખુલાસાથી બયાન અને આપની મહાન છ કરામતો સાથે લંબાણથી અમોએ ગુજરાતીમાં કસસુલ ઓલમા નામની જે કિતાબ લખીને પ્રગટ કરી છે જેમાં મહાન પચ્ચીસ આલીમોનો અહેવાલ, તેમના ફઝાએલ અને કરામતો સહીત લખેલ છે તેમાં દરજ છે અને આલીમોએ તેમને ઓલમાઓમાં પહેલા શહીદ ગણેલ છે.

તે પછી સને ૯૬૬ હીજરીમાં નાએબે ઈમામ જનાબ શેખ ઝયનુદ્દીન બિન શેખ નુરૂદ્દીન સાહેબ (અ.મ.)ને ઝાલીમોએ ઘણીજ તકલીફો આપીને પ્રકાર પ્રકારની ઈજાઓ દઈને શહીદ કરેલ છે જેમનો અહવાલ ૨૬ પેજમાં તેમની ચૌદ અજાએબ કરામતો વિગેરે સાથે અમોએ એજ ગુજરાતી કસસુલ ઓલમામાં દરજ કરેલ છે અને જે કારણે પહેલા શહીદને 'શહીદે અવ્વલ' લકબ આપવામાં આવ્યું એવાજ કારણો આ સાહેબ માટે પણ ખાસ હોવાથી તેમને બીજા શહીદનો લકબ આપવામાં આવ્યો.

તે પછી ઓલમાઓમાં શહીદ તો કેટલાક થયા છે પણ ખાસ લકબ આપવાના કારણો આએ જનાબ શહીદે સાલિસના માટે થયા કે જેઓ સને ૧૦૧૯ હીજરીમાં આગ્રામાં શહીદ થયા છે જેનું વર્ણન આએ પુસ્તીકામાં કરવામાં આવેલ છે.

હાંસલ કલામ આએ જનાબને 'શહીદે સાલિસ' એટલે ત્રીજા શહીદ કહેવાનું કારણ ઘણાં મોમીનો જાણતા નથી તેથી અહીં ટુંક ખુલાસો કરેલ છે.

# શહીદ.

શહીદ અરબી શબ્દ છે તેના અર્થ ગવાહ, સાક્ષી તેનું બહુવચન શોહદાઅ એટલે ગવાહો, સાક્ષીઓ અને તેના બીજા અર્થ એ થાય છે કે જેની સામે કોઇ ચીજ છુપી ન હોય એટલે તેના ઈલ્મથી બાહેર ન હોય તે પોતાના ઈલ્મથી અથવા તો મળેલા મરતબાથી અદ્રશ્ય ચીજો પણ સામે દેખાતી હોય એમ સમજતો હોય, હવે એજ શબ્દ રાહે ખુદામાં કત્લ થનારને માટે વાપરવામાં આવે છે એટલે જે કોઇ રાહે ખુદામાં માર્યો જાય તેને શહીદ કહેવામાં આવે છે અને તેનું પણ બહુવચન શોહદાઅ છે, તો જે રાહે ખુદામાં માર્યો જાય છે તે જાણે ખુદાની મોહબ્બતનો લબરેઝ જામ પીઈને પોતાની હસ્તીને ફના કરીને બકાની ચાદર ઓઢી લે છે એટલે તે મરતોજ નથી અને તે તમામ ચીજો જોવે છે, તેના ખૂનનો એક એક કતરો તવહીદના રહસ્યને સમજાવે છે અને તે ખુદાના દરબારમાં એટલો બધો માનવંત થઈ જાય છે કે તેને હકાએકે આલમની જાણ થઈ જાય છે, હજુ તે દુનિયામાં છે ત્યાંજ તેને મકામાતે મલકુતી એટલે બેહીશ્ત વિગેરે નજરે પડે છે.

શહીદોનો એટલોમોટો મરતબો છે કે તેમના ખૂનની કદરની કિંમતનો કોઈ હિસાબ કરી શકતો નથી એટલુંજ નહીં પણ તેનો શું બદલો મળવો જોઈએ એ પણ ખ્યાલમાં આવી શકતો નથી, શહીદોના મરતબા વિશે ઘણું લખાયેલ છે અને તે વિશે ખુલાસાથી અમો કુરઆને શરીફની તફસીર કુરઆને શરીફ સહીત ગુજરાતીમાં એજ આયતો અને તેની લંબાણ

તફસીર લખી છે જેનું નામ અનવારૂલ બયાન છે તેમાં દરજ કરેલ છે છતાં એકાદ બાબત એ કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શહીદને છ ખસલતો અતા ફરમાવે છે એ છ માની એક એ પણ છે કે શહીદના અંગમાંથી ખૂનનો પહેલો કતરો જમીન ઉપર પડે છે કે તરત અલ્લાહતઆલા તેના તમામ ગુનાહો બક્ષી આપે છે ઈત્યાદી.

## ઈલ્મ

જો કે શહીદનો મરતબો ઘણોજ મહાન છે પણ હકીકતમાં તેથી પણ ઘણાં દરજા વધારે મરતબો ઈલ્મનો છે કેમકે ઈલ્મ થકીજ તમામ બાબતો સમજવામાં આવે છે અને ઈલ્મ થકી ગુમરાહોને હિદાયત થાય છે, ખુદાની માઅરેફત પ્રાપ્ત થાય છે અને તેથીજ હદીસમાં છે કે **મેદાદુલ ઓલમા અફઝલો મિન દેમાઈશ્શોહદાઅ** એટલે આલીમોની ઈલ્મની બાબત લખવાની રોશનાઈ શહીદોના ખૂનથી અફઝલ છે, જો કે શહીદ શબ્દ એ મુબારક અને મોકદ્દસ છે અને અલ્લાહતઆલાના અસ્માએ હુસ્ના કે જે ખાસ નવ્વાણું નામ છે તેમાંનું એક નામ શહીદ પણ છે, પણ આલીમની રોશનાઈનો મરતબો શહીદોના લોહી કરતાં એટલા માટે વધારે છે કે એ રોશનાઈ થકી માઅરેફતના દરવાજા ખોલવામાં આવે છે, અને હકીકતોની રોશની એજ રોશનાઈથી આશકાર થાય છે અલ્લાહના ભેદ એજ રોશનાઈ થકી ખુલ્લા થાય છે એટલુંજ નહીં પણ એ શહીદોના ખૂનમાં જે

ભેદ સમાયેલા છે તે પણ એજ રોશનાઈ થકી આશકાર થાય છે, શહીદ થાય છે તે કતલ થતી વખતે પોતાની જિંદગીના થોડીક પળો તલવારના છાયામાં પસાર કરી ઈજા પામી તરફડીને જિંદગી પૂરી કરે છે તેની હદ ત્યાંજ સુધી છે અને તેનો ફૈઝ તેનેજ મળે છે બલ્કે તેને ગુનેહગારોની શફાઅત કરવાનો હક મળે છે વિગેરે, પણ ઓલમાની રોશનાઈ એ છે કે એજ શહીદના હાલને એટલે કેવી રીતે શહીદ થયો અને તેની જાહેરી બાતેની હાલત કેવી હતી એ તમામને ચારે તરફ પહોંચાડી આપે છે અને એ શહીદનું શહીદપણું જે કે અમુક જગ્યાએ થયું તેને દુનિયાની સામે એજ રોશનાઈથી વર્ણવે છે.

આ બંને બાબત લખવાથી અમારો હેતુ એ છે કે આલીમ અને શહીદનો મરતબો જાણવા પછી હવે જે શખ્સ શહીદ થાય તે આલીમ પણ હોય તો તેને એ બંને દરજા પ્રાપ્ત થાય છે એટલે નુરૂન અલા નુર થાય છે, અને તેમાં પણ ખાસ કરીને એવા આલીમ કે જેનું ઈલ્મ વિશાળ હોવા ઉપરાંત પરહેઝગારી તથા નેક સીફાતો ધરાવતા હોય અને તેમને દીન ઈસ્લામના માટે ઝાલીમો દીનના કામથી રોકવા માટે પ્રકાર પ્રકારના ઝુલ્મો થકી શહીદ કરી નાખે ત્યારે તેઓનો ખાસ નંબર જુદોજ થઈ જાય છે અને તેથીજ આપણા ઓલમાઓએ આજ સુધીમાં એવા મરતબા વાળા શહીદ થએલા ત્રણ આલીમોની ગણત્રી કરી છે જેમાંના બે આલીમોનો અહવાલ અમો કસસુલ ઓલમામાં લખી ચુકયા છીએ અને ત્રીજા આલીમનો અહવાલ અત્રે પેશ કરવામાં આવે છે. વસ્સલામ.

લી. ખાદીમે મિલ્લત, ''હાજી નાજી''

# જનાબનું હિંદમાં આવી બાદશાહ પાસે માનવંત થવું.

નુરૂલ મજાલીસમાં લખે છે કે જનાબ સૈયદ નુરૂલ્લાહ સાહેબ મહાન આલીમ, મુજતહેદ હાકીમે શરાઅ હતા, આપ ઈરાનમાં આવેલા શુસ્તર શહેરના રહેવાસી હતા, આપ હઝરતે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ની ઔલાદમાંથી ૨૬ મી પેઢીયે હતા, શુસ્તરથી હિદાયત માટે હિન્દુસ્તાનમાં સન ૯૮૫ માં અકબરાબાદ (જેને હાલમાં આગ્રા કહે છે) માં જનાબ હકીમ અબુલફતહ ગીલાનીને ઘરે આવ્યા.

હકીમ અબુલફતહ ગીલાની બુધ્ધીશાળી આલીમ હતા, તે સમયમાં અકબરાબાદમાં જલાલુદ્દીન અકબરશાહ બિન નસીરૂદ્દીન હુમાયુન બાદશાહ હતો જે અકબરશાહને નામે મશહુર હતો.

અકબરશાહે પોતાના સમયમાં રાજ્યકારભાર ચલાવવા માટે નવ જણાની નિમણુંક કરી એક કાઉન્સિલ (council) ઉભા કરી તે નવ બુધ્ધિશાળીને નવ રતન કહેતો, (૧) મસીહુદ્દીન ઈબ્ને મોલાના અબ્દુર રઝઝાક, (જેઓનું ટાઈટલ હકીમ અબુલફતહ હતું), (૨) હકીમ હુમામ, (૩) શેખ અબુલ ફઝલ અલ્લામી, (૪) શેખ અબુલ ફૈઝ ફૈઝી, (૫) ફૈયાઝી મીરઝા અબ્દુરરહીમ, (૬) ખાનખાનાન અઝીઝ મીરઝા, (૭) રાજા માનસીંહ, (૮) રાજા બીરબલ, (૯) રાજા ટોડરમલ, આ નવ મેમ્બરોની સલાહથી રાજ્યની વ્યવસ્થા જાળવવામાં આવતી, આમાંના પહેલાં પાંચ જણ શીઆહ મઝહબ ધરાવતા હતા

અને અઝીઝ મીરઝા સુન્ની, અને બાકીના ત્રણ હીન્દુ હતા, એ નવમાં હકીમ અબુલફતહનું બાદશાહ પાસે બહુજ માન હતું, એટલે સુધી કે પોતે તકય્યો કર્યા વગર જયારે નમાઝનો સમય થતો ત્યારે બાદશાહની સામે ખુલ્લે હાથે નમાઝ પડતાં હતા.

બાદશાહ સુન્ની મોગલ હોવા છતાં કોઈના પણ મઝહબ પ્રત્યે તાઅસ્સુબ ન હતો, તેણે એવો મઝહબ ધારણ કર્યો કે જેને સુલ્હે કુલ કહેતાં હતા, દરેકની સાથે સંપ સલાહથી વર્તવું, એ મઝહબનું નામ 'દીને ઈલાહી' રાખ્યું પોતાના મઝહબના આલીમની સલાહ લેવાના બદલે દરેક કાર્ય કાઉન્સિલના મેમ્બરોની સલાહથીજ થતું, અકબરશાહની આવી સુંદર રીતભાત જોઈ શીઆહ મઝહબના મહાન આલીમો આવતા અને દરબારમાં ઈઝઝત મેળવતા, જેમકે શીઆહ મઝહબના મહાન આલીમ જનાબ મીર ફતહુલ્લાહ સાહેબ શીરાઝી બાદશાહના દરબારમાં ગયા ત્યાં તેમની એટલી ઈઝઝત કરવામાં આવી કે તેનું વર્ણન થઈ શકે નહીં, બાદશાહ એટલી હદ સુધી કહેતો હતો કે અગર મીર ફતહુલ્લાહ સાહેબ ફીરંગીયોના હાથમાં સપડાય જાય અને તેની મુક્તિ માટે મારો તમામ ખઝાનો માગે તો પણ હું તેમને જરૂર મુક્ત કરાવું.

આવા મહાન આલીમના ઘરે સય્યદ નુરૂલ્લાહ સાહેબ ઉતર્યા, હકીમ અબુલફતહે બાદશાહને આપ મહાજ્ઞાની હોવાની વાત કરી તેથી બાદશાહે તેમને દરબારમાં બોલાવી ખૂબજ માન આપી પહેલા દરજ્જાની જગ્યા પર આપને બેસાર્યા, શીઆહ લોકો બહુજ ખુશી થયા પણ બીજા મઝહબના

આલીમોએ બાદશાહને સાચી ખોટી વાતો કહેવા લાગ્યા છતાં પણ તેનો કાંઈ અસર થવાને બદલે બાદશાહે કહ્યું કે નુરૂલ્લાહ જેવો કામીલ હિન્દમાં બીજો કોઈ નથી એટલુંજ નહીં પણ પહેલાંના આલીમો કરતાં પણ વધારે જ્ઞાની છે.

ખુદાની કુદરત જુઓ કે બાદશાહે એ જનાબને કાઝીયુલ કઝઝાત (ચીફ જસ્ટીસ)નો ઓહદો આપવાનું નક્કી કર્યું, પોતાના નવ રત્નોનો મત લીધો તેઓએ પણ કબૂલ કર્યું, જયારે પોતે દરેક શહેરોની તપાસમાં નીકળ્યો ત્યારે લાહોર જઈને ત્યાંનો ન્યાયાધીશ મોઈનુદ્દીન હતો તેને ઓહદા ઉપરથી ઉતારી જનાબ સૈયદ નુરૂલ્લાહ સાહેબને એ ઓહદો સ્વિકારવા કહ્યું આપે અમુક કારણોને લીધે અસ્વીકાર કર્યો જયારે બાદશાહે બહુજ આગ્રહ કર્યો ત્યારે આપે ફરમાવ્યું કે મારી એક શર્ત કબૂલ રાખવામાં આવે તો હું સ્વીકાર કરૂં. તે એ કે હું મારા ઈજતેહાદ મુજબ ફેંસલો કરીશ, સુન્નત જમાતમાં ચાર ફીરકા છે એ ચારેમાંથી કોઈ પણ એક મઝહબ મુજબ ફેસલો હશે એટલે મારો તો સુન્નત જમાતના તરીકા મુજબજ હશે, પણ ફેર એટલો કે તમામ ફેસલાઓ એ ચારમાંથી એકજના ફતવા મુજબ નહીં હોય બલ્કે કોઈ વખતે હમ્બલીના ફતવા મુજબ હશે તો કોઈ વખતે શાફેઈના ફતવા મુજબ હશે બાદશાહે કબૂલ કર્યું કેમ કે સુન્નત જમાત એ ચારે મઝહબને સત્ય જાણે છે તેથી કોઈને કાંઈ વાંધો ઉઠાવવાનો રહે નહીં, અને એ જનાબનો મતલબ એ હતો કે શીઆહ મઝહબ પ્રમાણે તમામ ફેંસલા કરવા, અને એ ચારે મઝહબના મસાએલમાં તપાસ કરે તો શીઆહ મઝહબ મુજબ

પણ મળી આવે છે, જેમકે તે ચારમાં એક મઝહબમાં ખુલ્લા હાથે નમાઝ પડવી જાએઝ છે, કોઈ મઝહબમાં કુફફારનું પાણી વિગેરે નજીસ છે, તેમજ હદ સજા વિગેરે મસાએલ છે, એ વખતથી એ જનાબ કાઝીને નામે મશહુર થયા અને હજુ સુધી એજ નામથી મશહુર છે, આપને કાઝી સૈયદ નુરૂલ્લાહ શુસ્ત્રી કહે છે, અને ટૂંકમાં કાઝી સાહેબ કહે છે.

આપ બાદશાહ તરફથી અદાલતથી ઈન્સાફ કરતા, જરા પણ પક્ષપાત્ર રાખતા નહીં અને લાંચ કે રૂશવતનું તો લોકો નામ ભુલી ગયા, સત્ય રીતે ઈન્સાફ કરતા અને તેથી આપ ચારે તરફ ખ્યાતી પામ્યા અને તમામ રય્યત આપના ફેસલાથી રાજી અને ખુશી થતી, અને તમામ જણ એટલે સુધી કે દોસ્ત અને દુશ્મન આપની તારીફ કરતા હતા, જેમકે મુલ્લા અબ્દુલ કાદેર કે જેઓ સુન્ની હતા અને એ જનાબ સાથે સખત અદાવત રાખતા હતા છતાં પોતાની કિતાબ મુન્તખબુત્તવારીખમાં અકબરશાહ બાદશાહના વખતના ઓલમાના હાલમાં લખે છે કે કાઝી નુરૂલ્લાહ શુસ્ત્રી અગરચે શીઆહ મઝહબ છે તો પણ તેઓ ઘણાજ અદલ અને ઈન્સાફથી ચાલવાવાળા નેક નફસ હયા અને શરમવાળા, પરહેઝગાર અને અશરફ છે અને આપનું ઈલ્મ અને હીલમ અને સમજશક્તિ વિગેરે મશહૂર છે અને આપે મહાન પુસ્તકો લખેલ છે, અને શેખ ફૈઝીની નુકતા વિનાની તફસીર ઉપર એવી સર્ટીફીકેટ લખી છે કે તેની તાઅરીફ થઈ શકતી નથી, તબીયત નાઝીમ (કાવ્ય કહેનાર) છે, શેઅર ઉમદા કહે છે, તેઓ હકીમ અબુલફતહના થકી બાદશાહની

ખીદમતમાં દાખલ થયા અને જયારે શહનશાહ અકબર લાહોર ગયા ત્યારે જોયું કે કાઝી મોઈનુદ્દીન ઝઈફ અને બુઢ્ઢા થઈને દરબારમાં બેભાન જેવા થઈ ગયા તેથી રહમ કરી તેઓને કાઝીપણાથી મુકત કરી કાઝી નુરૂલ્લાહ સાહેબને કાઝીયુલ્કુઝઝાતનો ઓહદો સોંપ્યો, જે ઓહદાને બરતાનીયા સલતનતમાં ચીફ જસટીસ, પહેલા નંબરના જજ કહે છે, એટલે હિંદુસ્તાનની સલ્તનતના ઈન્સાફ કરનાર વઝીર.

પછી લખે છે કે એ સાહેબે લાંચ અને રૂશવતનું મૂળ ઉખેડી નાખ્યું, અને આખી ઉમર સુધી લાંચની એક પાઈ પણ લીધી નહીં આ લખવાથી મતલબ એ છે કે જયારે દુશ્મને આ પ્રમાણે તારીફ લખી ત્યારે વિચારવાનું છે કે એ જનાબ કેટલાં લાયક હોવા જોઈએ ! અને એ પણ ગુમાન થાય છે કે મુલ્લા અબ્દુલ કાદરે દુશ્મનીના સબબથી આપની ફઝીલત ઘણી છુપાવી હશે છતાં હક વાતના એટલા શબ્દો લખાઈ ગયા.

## જનાબની શહાદત.

અકબરશાહ જો કે ઈન્સાફથી વર્તતો પણ શીઆહના દુશ્મન ઘણા હોવાથી શીઆહને તકલીફો અને ઈજા પહોંચતી, બરલાશ ફુલાદે મુલ્લા અહમદ ઠહની કે જે ઈરાન જઈ શીઆહ થઈ આવ્યો હતો તેને કતલ કર્યો અને લાશ બાળી નાખી, અકબરશાહને ખબર પડવાથી તેણે પોતાના અદાલતના નિયમને અનુસરીને તે ખૂનને બદલે બરલાશને કતલ કરાવ્યો,

અને અકબરશાહના ગુજરવા પછી તેનો છોકરો જહાંગીરશાહ ગાદીએ બેઠો, જહાંગીરના વખતમાં શીઆહની કતલ ચાલી શીઆહના દુશ્મનોએ જહાંગીરશાહને ફરેબ આપીને અકબરશાહના વઝીર શેખ અબુલફઝલને ગ્વાલીયર પાસે અંતરી નામના ગામમાં કતલ કરાવ્યા, એ સિવાય બીજા ઘણા શીઆહને કતલ કર્યા, અને દુશ્મનોએ જનાબ કાઝી સૈયદ નુરૂલ્લાહ સાહેબને કતલ કરાવવા માટે જહાંગીરશાહ પાસે ઘણી ચુગલીઓ ખાધી પણ શરૂઆતમાં કાંઇ વળ્યું નહીં, અને આપ હંમેશા હક મઝહબની હીમાયત માટે પુસ્તકો લખવા અને ખાનગી હીદાયતમાં મશગુલ રહેતા હતા, જયારે દુશ્મનોએ એ જનાબના બારામાં ઘણા પ્રયત્ન કર્યા અને સર્વેમાં નિષ્ફળ થયા ત્યારે વળી એક નવો ફરેબ રચ્યો કે થોડા જણને શીખવ્યું કે તમો જનાબ કાઝી સાહેબની પાસે જઇ તેઓના શાર્ગીદ થાઓ, તેઓ મકકરથી આપ પાસે ઇલ્મ શીખવા જવા લાગ્યા. અહીંયા આ દુશ્મનોએ કાઝી સાહેબના નામથી એક પુસ્તક લખવું શરૂ કર્યું જેમાં સુફીયોની બુરાઇ લખી અને બાદશાહના પીરોને સખત શબ્દો લખ્યા એટલે સુધી કે જહાંગીર શાહ સલીમ ચીશતીનો મુરીદ હતો તેને પીર કરીને માનતો તે પીરને બહુજ અઘટીત શબ્દો લખ્યા, પછી એ પુસ્તક તૈયાર થયું ત્યારે જહાંગીરશાહની ખીદમતમાં લઇ ગયા અને બતાવીને કહ્યું કે અમોએ કેટલાક જણાને શીઆહ છીએ એવો ફરેબ કરીને કાઝી સાહેબ પાસે ઇલ્મ શીખવા મુકર્રર કર્યા હતા તેઓ કાઝી સાહેબ પાસે જતા આવતા જયારે કાઝી સાહેબ સાથે હળી મળી ગયા

ત્યારે તેઓએ બનાવેલું આ પુસ્તક તેઓથી ખાનગી છુપાવીને લાવ્યા છીએ જુઓ તેમાં કેવી કેવી બાબતો લખી છે ! અને આપના પીર માટે આવા આવા અઘટીત શબ્દો વાપર્યા છે.

એ પુસ્તક જોઈ અને વાંચીને જહાંગીર શાહને એકદમ સખત ગુસ્સો આવ્યો. તેથી એ આલીમોને બોલાવીને ફતવો પૂછયો કે કાઝીના બારામાં શું કહો છો ? તેઓ તો એટલીજ રાહ જોતા હતા બરાબરનો મૌકો મળ્યો મનની મુરાદો પૂરી થવાનો વખત મળ્યો તેથી ઝટપટ જનાબ કાઝી સૈયદ નુરૂલ્લાહ સાહેબ માટે સખતમાં સખત કમ-કમાટી ઉપજાવે એવી ચાર જાતની સજાનો ફતવો આપ્યો, (૧) તેઓને એકસો કાંટાવાળા કોરડા મારવા, (૨) જીભ ખેંચી લેવી, (૩) સીસુ ગાળીને પીવરાવવું, (૪) કતલ કરવા. હાય અફસોસ દુશ્મનીની કાંઈ હદ રાખી નહીં, આહ એતો એ જનાબને પોતાના બાપ દાદાના વારસાની ચીજ મળી કેમકે ઈમામો ઉપર ઝુલ્મ થવામાં કઈ બાકી રહ્યું નથી કેટલાક કહે છે કે એ પુસ્તક આપનું લખેલ જે હાલ મૌજૂદ છે તે મજાલેસુલ મોઅમેનીન હતું પણ એ પુસ્તકમાં તો બાદશાહના પીરને સખત શબ્દો લખેલા નથી, બલ્કે તેઓનો ઝિક્ર પણ નથી તેથી માલુમ પડે છે કે ઉપર લખ્યા મુજબ કોઈ બનાવટી પુસ્તક હશે અને આપને કતલ કરવાનો ૪૨ જણાઓએ ફતવો આપી જહાંગીર પાસેથી કતલ કરવાની રજા મેળવી.

કેટલાંક તારીખ નવીશોએ એમ પણ લખેલ છે કે નુરજહાં પાસે જહાંગીરે વાત કરી તે વખતે કહ્યું કે કાઝી સાહેબને કતલ

કરવાની મેં રજા આપી નથી પણ એમ અનુમાન થાય છે કે જયારે હું શરાબના નશામાં બેભાન હતો ત્યારે મારી રજા લઈ ઘાટ ઘડયો હશે, મેં મારા હોશમાં કતલની રજા આપી નથી.

મતલબ કે કોઈ પણ ફરેબ અને હીલાથી દુશ્મનોએ જનાબ કાઝી સાહેબને કતલ કરવાની રજા મેળવીને કાઝી સાહેબને ખબર આપી, તે વખતે કાઝી સાહેબે પૂછયું શા કારણથી મને કતલ કરો છો? તેઓએ કહ્યુ તમો રાફઝીયોના સરદાર છો અને અમારા મત પ્રમાણે હાકીમે શરા અને ઝમાનાના બાદશાહ ઉપર વાજીબ છે કે તમોને કતલ કરવા. કાઝી સાહેબે પૂછયું તમો શરાના કયા મસલાની રૂએ અને કઈ હદીસથી આ ફતવો આપો છો ? તેઓએ કહ્યું તમારો એતેકાદ શરા શરીફથી ઉલટો છે તેથી. આપે ફરમાવ્યું મારા એઅતેકાદને સાંભળો એમ કહીને શહાદતનો કલમો જારી કર્યો એઅતેકાદ બતાવ્યો. એ સાંભળીને કેટલાંક ચુપ થઈ ગયા, પણ કેટલાંક સખત દીલવાળા બોલ્યા અમો બીજું કાંઈ જાણતા નથી તમોને કતલ કરવા જરૂરી છે. આપે ફરમાવ્યું, જો કતલજ કરવો હોય તો જુદી વાત છે મારા જદ હઝરતે ઈમામ હુસૈન (અ.સ.) પણ કતલ થયા છે અને તેઓના કાતીલોએ નાહક કતલ કરી હંમેશ માટે જહન્નમ ખરીદી છે, તો શું તમો પણ વિના કારણે મને શહીદ કરીને જહન્નમી થવા ચાહો છો ? માટે જો કોઈ દલીલથી ખરૂં કારણ મને કતલ કરવાનું હોય તો જાહેર કરો. તેઓએ કહ્યું જે કારણથી ઈમામે હુસૈન (અ.સ.) કતલ થયા તેમજ મરવાનીયો અને અબ્બાસીયોના વખતમાં જે કારણથી શિઆહના ટોળે ટોળાં

કતલ થયાં તે જ કારણથી તમો પણ કતલ થાઓ છો. આપે ફરમાવ્યું તે લોકોનો અંજામ શું થયો તે પણ કાંઈ જાણો છો ? કે આજ સુધી તમામ ઈસ્લામી તેમને ધીક્કારે છે, અને ખુદાનું ફરમાન છે કે **મન કતલ મોઅમેનન મોતઅમ્મેદન, ફજઝાઓહુ જહન્નમ ખાલેદીન ફીહા**

અર્થાત જે કોઈ મોઅમેનીનને જાણીને કતલ કરે તેનો બદલો જહન્નમ છે તેમાં રહેશે.

એ મુજબ દોઝખના નીચેના તબકામાં અને દુનિયામાં પણ પોતાના બદ અમલની સજા પામ્યા તે વિચારો, આના જવાબમાં એ સર્વેએ કહ્યું કે જુવે તેમ થાય પણ હવે તમોને મુક્ત કરવાના નથી, તમોને જરૂર કતલ કરીશું.

એ પછી આપે ઘણી હુજ્જત તમામ કરી અને લાંબો વાદવિવાદ થયો તેથી દુશ્મનો કંટાળી ગયા અને વધારે સબર ન કરતાં જલ્લાદને હુકમ કર્યો કે હવે આ રાફઝીને વાત કરવા દેવાની ફુરસત આપો નહીં કોઈ વાતમાં જીતી શકતું નહીં અને જે સજા મુકર્રર થઈ છે તે પૂરી કરો.

જયારે જનાબ કાઝી સાહેબે જોયું કે આ લોકો ઈમામે હુસૈન (અ.સ.)ના કાતીલો કરતાં કાંઈ ઓછા નથી તેથી સમજયા કે હવે જરૂર કતલ કરશે તે વખતે આપે ફરમાવ્યું, તમો કતલ જ કરો છો તો હવે વધારે મહોલત ન માંગતા ફકત બે રકાત નમાઝ પડવાની મોહલત માગુ છું, આ સાંભળી એક રિવાયત મુજબ તે પાષાણ હૃદયનાઓએ નમાઝની પણ મોહલત આપી નહીં અને એક રિવાયત મુજબ કહ્યું ભલે નમાઝ પડી લો,

જયારે આપ નમાઝથી ફારેગ થયા ત્યારે એક રિવાયત મુજબ તે આલીમોએ પોતાને હાથે અને બીજા કોલ મુજબ જલ્લાદોએ મઝલૂમ નુરે ખુદાને કોરડા મારવા શરૂ કર્યા, અને થોડાક કોરડા મારવાથી આપ શહીદ થઈ ગયા અને આપની પાક રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ હતી તો પણ તે ઝાલીમોએ ઠરાવેલી શિક્ષા પૂરી કરવા સો કોરડા માર્યા પછી જીભ ખેંચી લીધી, સીસુ ગરમ કરેલું ગળામાં રેડયું છેવટે કતલ પણ કર્યા, આપને કતલ કરવાની જગ્યામાં ઈખ્તેલાફ છે, કેટલાંક કહે છે કે નસારાના કબ્રસ્તાન પાસે લઈ જઈને કતલ કર્યા, કેટલાક કહે છે કે જમના નદીના કોઈ નાળા પાસે કતલ કર્યા, કેટલાંક કહે છે કે હાલ જ્યાં કલેકટર સાહેબની કચેરી છે ત્યાં પહેલે સિકન્દર લોદીની મસ્જીદ હતી ત્યાં એ લોકો ભેગા થયા હતા અને ત્યાં જનાબ કાઝી સાહેબને બોલાવી વાદવિવાદ કર્યો અને ત્યાંજ આપ આખરી બે રકાત નમાઝ પડયા તેની સામેજ આપને કતલ કરાવ્યા પછી આપની લાશ કસ્સાબો બકરાં કાપતા હતા તે ઢોલી ખારનાલામાં ખરાબ બદબોવાળી જગ્યામાં નાખી દીધી ત્યાં ત્રણ દીવસ સુધી આપની લાશ પડી રહી, કેટલાંક કહે છે કે આપનું મકાન જ્યાં હતું તેને કાજીવાડો કહેતા ત્યાંજ શહીદ કર્યા પણ લાશને ખરાબ બદબોવાળી જગ્યાઓમાં નાખી દીધી.

# જનાબની લાશની કરામત અને દફન

અફસોસ એ જનાબને શહનશાહ અકબરના ફરમાનથી દીનના કાઝી અને પેશવા જાણતા હતા અને તેઓ કોઈ સાથે કાંઈ પણ અયોગ્ય વર્તણુંકથી વર્તેલ નહીં છતાં આપની સાથે અમાનુશી ઝુલ્મ કરી છેવટે લાશને પણ દફન કરી નહીં અને બેઅદબી કરી ખરાબ નાપાક જગ્યાએ ફેંકી દીધી, પણ એ મહબૂબે બારી નુરેખુદા તો રાહે ખુદામાં શહીદ થઈ ગયા હતા. શહીદનો મરતબો કાંઈ નાનો નથી શહીદો માટે ખુદા કુરઆને મજીદમાં ફરમાવે છે કે **વલા તહસબન્નલ્લઝીન કોતેલુ ફી સબીલિલ્લાહેં અમવાત બલ્અહયાઉન ઈન્દ રબ્બેહીમ યુરઝકુન ફરેહીન બેમા આતાહોમુલ્લાહો મિનફઝલેહી** એટલે જેઓ રાહે ખુદામાં માર્યા ગયા છે તેઓને મુરદા જાણો નહીં બલકે તેઓ હંમેશા માટે સજીવન છે પોતાના પરવરદિગાર પાસેથી રોઝી પામે છે અને હકતઆલા પોતાના ફઝલથી તેઓને જે નેઅમત આપે છે તેથી ખુશી થાય છે, તો એ મઝલૂમ શહીદે રાહે ખુદાની લાશને એવી બેઅદબીથી બદબોવાળી જગ્યામાં ફેંકી દીધી પણ અગરચે મોઅજીઝા તો નબી અને ઈમામ માટે છે પણ આવા મકબુલે બારી નુરેખુદા માટે પણ કરામતો તો છેજ, ખુદાએ એવો ફઝલ કર્યો કે જે જગ્યાએ આપની લાશ નાખી તે જગ્યાએથી છેટે છેટે સુધી નાપાકી અને નજીસ ચીજ દૂર થઈ ગઈ, બલકે ત્યાંની જગ્યા પાક અને સાફ થઈ ગઈ અને બદબો મટીને એવી ખુશ્બુ પ્રસરી કે તે જગ્યા મોઅત્તર થઈ ગઈ અને ચારે તરફ ખુશ્બુ ફેલાણી, અને એક કોલ મુજબ

આપની લાશ ત્યાં નાખી ત્યારે લાશ જમીન ઉપર પડી નહીં બલકે જમીનથી ઉંચી રહી.

જયારે આવી વિચિત્ર અને અજાએબ ભરેલી ખબર ગામમાં ફેલાણી ત્યારે ટોળે ટોળા આપની લાશની ઝિયારત કરવા માટે જવા લાગ્યા, આ બાબતની એ કાતીલોને ખબર પડી તેથી ડર્યા કે રખેને લોકો ફરી જાય અને તેઓને બદ બોલવા લાગે તેથી ઢંઢેરો કરાવ્યો કે આ લાશ રાફઝીની છે તેની ઝિયારત કરવા જવામાં ગુનાહ છે માટે કોઈએ જવું નહી અને જો જશે તો તેને સજા કરવામાં આવશે આથી તમામ જણ ડરી જઈ જતા અટકી ગયા.

જયારે ત્રણ દીવસ એજ મુજબ લાશ પડી રહી અને કોઈએ દફન કરી નહીં, ત્યારે જહાંગીર શાહે સ્વપનમાં જોયું કે પયગંબરે ખુદા ગુસ્સામાં ફરમાવે છે કે ખુદાના મકબુલ બંદાને ઈજા આપવાનું તારા વખતમાં શરૂ થયું અને મારા ફરઝંદ નુરૂલ્લાહને કતલ કરવા પછી પણ ઈજા અપાય છે અને લાશ એમજ પડી છે તું હજી તેની લાશને દફન કરવાની રજા આપતો નથી, શું તું એમ ચાહે છે કે તારા ઉપર ખુદાનો ગઝબ થાય ? અને તારૂં તખત અને તાજ બરબાદ થઈ જાય ? જા જલ્દી તાકીદે હુકમ આપ કે મારા ફરઝંદને મોઅમેનીન હોય તે દફન કરી આપે, આ સ્વપનું જોઈને બાદશાહ ચોંકી પડયો અને ધ્રુજતો ધ્રુજતો ઉઠયો અને બીક અને ખૌફની હાલતમાં લથડયા ખાતો બહાર નીકળ્યો અને પોતાના આલીમોની રજા વિના એકદમ હુકમ કર્યો અને ઢંઢેરો કરાવ્યો કે આ શહેરમાં જે કોઈ

જનાબે કાઝી સાહેબના મઝહબવાળો હોય તે આવીને તેઓને ગુસ્લ કફન આપીને દફન કરે, અને બીજા લોક પણ દફન કરવામાં શરીક થાય, આ પ્રમાણે ઢંઢેરો તો થયો પણ એ વખતનો ઝમાનો એવો ખુંખાર અને સખત હતો કે કોઇ શિયા જાહેર થઈ શકતો ન હતો કેમકે જાહેર થાય તો માર્યા જવાનો પુરેપુરો ભય હતો, એટલું મોટું શહેર હોવા છતાં ફકત ત્રણ જણ હિંમત કરીને જાનને જોખમે જવામર્દી અને બહાદુરીથી બહાર નીકળ્યા અને બાદશાહના દરબારમાં હાજર થયા, એ ત્રણમાં કેટલાંકના કૌલ મુજબ બે મુસાફર હતા અને એક ત્યાંનો રહીસ હતો, બીજા કૌલ પ્રમાણે એક મુસાફર હતો અને બે ત્યાંના રહીસ હતા, એ ત્રણેમાં એક સૈયદ રાજુ બુખારી હતા તેઓ એ જનાબની મોહબ્બતના સબબથી નીકળી આવ્યા હતા, અને ઘણા પરહેઝગાર હતા, એ ત્રણે સાહેબોએ જાનથી જોખમે બાદશાહને અરજ કરી કે આપના ઢંઢેરાથી અમો જનાબ કાઝી સાહેબને દફન કરવા હાજર થયા છીએ જો ખરેખર એજ કામ માટે ઢંઢેરો કરાવ્યો હોય તો ભલે હુકમ આપો તો દફન કરી આપીએ, અને જો બહાનાથી શિયા કોણ કોણ છે તે તલાશ કરવા માટે ઢંઢેરો કરાવ્યો હોય તો અમો કાઝી સાહેબનો મઝહબ રાખીએ છીએ માટે કતલ કરવા હોય તો ભલે કતલ કરી નાખો.

આ સાંભળીને બાદશાહે કહ્યું મેં શિયાને કતલ કરાવા માટે હીલ્લો કર્યો નથી પણ મેં સ્વપનામાં હઝરતે રસૂલેખુદા (સ.અ.વ.)ને જોયા તેઓ ગુસ્સામાં હતા અને સખત હુકમ કર્યો કે કાઝી સાહેબના મઝહબવાળા પાસે તેઓને ગુસલ કફન

આપી દફન કરાવું માટે તમો ચાલો સારી રીતે દફન કરો અને હું પણ આવું છું, આ સાંભળીને જનાબે સૈયદ રાજુ બુખારીએ આહ કરી અને આપની આંખોમાં લોહી જેવા આંસુ ભરાઇ આવ્યા, અને ત્યાંથી જનાબ કાઝી સાહેબની લાશ ઉપર જઇ ગળામાં હાથ નાખીને પોકારી ઝાર ઝાર રડવા લાગ્યા અને બહુજ કલ્પાંત કરતા હતા.

અહીંયા આ સામાન થયો અને ગ્વાલીયરમાં ઈરાનનો સફીર આવેલો તેની સાથે ફોજના કેટલાક માણસનો રીસાલો હતો અને ઈરાનના વેપારીઓનો પણ કાફેલો આવેલ, તે રીસાલાના સરદારને પણ સ્વપનું આવ્યું કે હઝરતે રસૂલખુદા (સ.અ.વ.)એ જનાબ કાઝી સાહેબની લાશને દફન કરવાનો હુકમ આપ્યો તેથી એ રીસાલો તથા વેપારીઓનું ટોળુ મળી ગ્વાલીએરથી અકબરાબાદ આવ્યું, અહીં દફનની તૈયારી હતી ત્યાં એ લોકો પણ આવી પહોંચ્યા, અને જહાંગીરશાહ પોતે પણ ગયો. બાદશાહના જવાથી લશ્કર વઝીર અમીર ઉમરા વિગેરે પણ ગયા, અને શહેરમાં ખબર પડી કે બાદશાહે રજા આપી અને પોતે પણ જનાઝામાં હાજર થયો તેથી શહેરમાંથી લોકોના ટોળે ટોળા ભેગા થયા.

કાઝી સાહેબની લાશ દફન કરવા માટે એટલા માણસ ભેગા થયા કે તેટલા માણસ એથી પહેલે કોઇની મય્યતમાં ભેગા થયા ન હતા, પછી એ જનાબ કાઝી સાહેબની લાશ ઉપર પહેલે જનાબ સૈયદ રાજુ સાહેબે કેટલાક ત્યાંના શિયા સાથે જમાતની નમાઝ અદા કરી. તે પછી લાહોર, મુલતાન,

દીલ્લી અને અકબરાબાદવાળાઓ પોત પોતાના તરીકા પ્રમાણે નમાઝ પડયા, અને એ સર્વે જણ નમાઝ પડયા તેનું મોટું કારણ તો એ હતું કે એ લોકોના આપે ફેંસલા કરેલા અને અદાલત અને ઈન્સાફથી વર્તેલા તેથી એ સર્વે આપને તમામ કરતાં અફઝલ અને અઅલા જાણતા હતા.

આપને દફન કરવા માટે અજમેરી દરવાજા પાસે જગ્યા મુકર્રર થઈ પણ કાતીલ આલીમોએ જગ્યાને ઉમદા અને આલા સમજતા હતા તેથી તેમાં રખ્નો નાખી તેમાં પણ ફરેબ રચી કાઝી સાહેબની લાશને ત્યાં દફન થવા આપી નહીં, બલ્કે તેઓના ખ્યાલમાં શહેરની ઉત્તર તરફ જમના નદીને કીનારે નસારાનું કબ્રસ્તાન છે તેની પાસે એક જગ્યા છે તેને હલકી અને ખરાબ સમજી ત્યાં દફન કરવાનો ઠરાવ કર્યો, પછી આપની લાશને જનાબ સૈયદ રાજુ બુખારીએ તેઓના સાથવાળાઓએ દફન કરી.

આપને ખરાબ જગ્યા સમજી જમના નદીના કીનારે દફન કરાવ્યા પણ એમ સમજ્યા નહીં કે **સદર આંજાકે નશીનદ સદર અસ્ત** એટલે મોટા મરતબાવાળો જ્યાં બેસે તેજ જગ્યા મોટી છે, ઉપરાંત ખુદાએ એ જગ્યાને એવી મુબારક કરી કે હવે એ જગ્યા ઉંચી અને આલા ગણાય છે, મોઅમેનીન ફખરથી પોતાની મય્યતો એ જનાબની કબ્ર પાસે દફન કરે છે, ત્યાં હાલ નાનો બગીચો છે વચમાં એ શહીદે રાહેખુદાનો નાનો એવો રોઝો છે, અતરાફ આલીમો આબીદો અને સાલેહોની કબ્રો છે, નાની એવી એક મસ્જીદ પણ છે, એ તરફ બીજા

બુઝુર્ગોના રોઝા પણ થયા છે જેમકે કંધારી બેગમ સૈયદા સફવીયાનો રોઝો છે જે ઈમામે મુસીએ કાઝીમ (અ.સ.)ની ઔલાદમાંની મોઅમેના ઈરાનની શહેઝાદી હતા, ત્યાં એક બાગ છે તેને કંધારી બાગ કહે છે, કંધારી બાગની આજુબાજુ ઈરાનના કેટલાક શાહઝાદાની કબ્રો છે તે જનાબ કાઝી સાહેબના રોઝાની પાસે છે, હાસલ કલામ એ લોકો અજમેરી દરવાજા પાસેની જગ્યા ઉમદા સમજતા હતા તેને બદલે હવે આ જગ્યા ઉંચી પાકીઝા અને આલા થઈ પડી.

## જનાબની આયુષ્ય વિગેરેનો અહેવાલ

જનાબ કાઝી સૈયદ નુરૂલ્લાહ સાહેબ શુસ્ત્રી (અ.મ.) હિન્દુસ્તાનમાં સને ૯૮૫ હીજરીમાં આવ્યા, આપ સને ૧૦૧૯ હીજરી જમાદીઉલ આખરની તારીખ ૧૮ મીને જુમ્આને દિવસે અકબરાબાદ આગ્રામાં નુરૂદ્દીન જહાંગીર શાહબીન જલાલુદ્દીન અકબરશાહના વખતમાં શહીદ થયા, આપની વિલાદત ઈરાનમાં આવેલા શુશ્તર ગામમાં સને ૯૫૬ હીજરીમાં છે, આપ ફકત ૨૯ વર્ષની જવાનીની હાલતમાં હિન્દુસ્તાનમાં આવેલા, આપ હિન્દુસ્તાનમાં ૩૪ વર્ષ સુધી રહયા અને હક મઝહબની તરક્કીની કોશિશ કરતા હતા, આપની ઉમ્ર ૬૪ વર્ષની થઈ, આપના બાપદાદા ઉંચ્ચ ખાનદાન હતા, આપના બાપદાદા આલીમ હતા, આપની શહાદતની તારીખ સૈયદ નુરૂલ્લાહ શહીદ શુદ છે, એટલે સૈયદ નુરૂલ્લાહ શહીદ થયા એ

શબ્દોના અદદ કાઢતા આપની શહાદતનો સન ૧૦૧૯ નીકળે છે.

હાજી નાજી અરજ કરે છે કે જયારે હું આગ્રા ઝિયારત માટે ગયો ત્યારે :

આપની કબ્ર ઉપર સફેદ પત્થર જોયો તેની ઉપર નીચે મુજબ લખેલું હતું :

ઝાલેમા ઈત્ફાએ નુરૂલ્લાહ કરદ,
કુર્રતુલ્‌અયને નબીરા સર બોરીદ,
સાલે કત્લે હઝરતશ ઝામીન અલી,
ગોફત, નુરૂલ્લાહ સૈયદ શુદ શહીદ.

એટલે ઝાલીમે ખુદાના નૂરને ઓલવ્યું, અને નબીની આંખોના નુરના માથાને કાપ્યું, ઝામીન અલીએ આપની શહાદતની તારીખ કહી કે નુરૂલ્લાહ સૈયદ શોદ શહીદ એટલે સૈયદ નુરૂલ્લાહ શહીદ થયા, અને એના અદદ ૧૦૧૯ થાય છે તે આપની શહાદતનો સને હીજરી છે, તે પછી બે લીટી નીચે મુજબ લખેલી હતી.

દર અહદે જહાંગીર બાદશાહ બ સઆદતે શહાદત ફાએઝ શોદન્દ, સન ૧૦૧૯ હીજરી એટલે જહાંગીરશાહ બાદશાહના વખતમાં એ જનાબ શહીદ થયા.

પછી લખે છે કે એ કિતાબ લખવાની થોડા વર્ષ પહેલાં કેટલાક સાદાતો વગેરેઓએ મળીને સારી કોશિશ કરીને નવો કુબ્બો બનાવ્યો, ખુદા એ સાહેબોને નેક અજ અતા ફરમાવે, હવે એ જનાબની ઝિયારત માટે બહારગામથી લોકો જાય છે,

અને ત્યાંવાળા દર જુમેરાતે મજલીસો કરે છે વાએઝ નસીહત થાય છે.

એ જનાબને દફન કરવા જનાબ સૈયદ રાજુસાહેબે ભાગ લીધેલો અને નમાઝ પડાવીને એ સાહેબે જનાબે શહીદે સાલિસને દફન કર્યા પછી આપની કબ્રના મુજાવર થયા પણ દુશ્મનોએ તેઓને કોઈરીતે આરામથી રહેવા આપ્યા નહીં છેવટે બાકી ગામમાંજ ખુદાની રહમતે પહોંચ્યા, અને આપ ઘણા પરહેઝગાર અને દીનદાર હતા, આપનો પણ કુબ્બો થયો અને આપની ઝિયારત માટે પણ લોકો જાય છે અને ત્યાં મજલીસો કરે છે, આપની કબ્રના મુજાવર આપના ભાઈની ઔલાદમાંથી સૈયદ હિદાયતઅલી સાહેબ વિગેરે છે.

## જનાબના ખુનનો બદલો લેવો.

ઝાલીમો જયારે ઝુલ્મ કરવા ઉપર કમર બાંધે છે ત્યારે જરા પણ અંજામ અને પરીણામનો વિચાર કરતા નથી એ છતાં કે દરેક વખતે જુવે છે કે મઝલુમોનો હક બરબાદ થતો નથી અને ઝાલીમો પાસેથી સજ્જડ અને સખત બદલો લેવાય છે જેમકે હઝરતે યહ્યા (અ.સ.) તથા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના ખુનનો બદલો લેવાણો અને ઝાલીમો સખતમાં સખત સજાઓ પામી જહન્નમ વાસીલ થયા.

જનાબ કાઝી સાહેબે એ લોકો ઉપર હુજ્જત તમામ કરેલી અને પરીણામ સારૂં નહીં આવે તેથી ડરાવેલા પણ કોઈ રીતે

માન્યા નહીં અને એ જનાબને નાહક કતલ કરી નાખ્યા છેવટે એ ઝુલમની સજાએ ટૂંક મુદ્દતમાં પહોંચ્યા, જેમકે એ ઝમાનામાં નવાબ અલીકુલી શેર અફગન ખાન બહાદુર ઈરાની હતા, આ સાહેબ બહુજ જોરાવર પહેલવાન અને બળવાન હતા, ખ્વાજા આસુદ્દીનની પુત્રી સાથે લગ્ન કર્યા હતા, જહાંગીર બાદશાહ જવાનીની હાલતમાં મજકુર આસુદ્દીનની મજકુર પુત્રી ઉપર આશક થયો હતો, પણ કોઈ મૌકો મળતો ન હતો, જયારે પોતે બાદશાહ થયો અને દોર ચાલ્યો ત્યારે દુશ્મનોએ શિયા સરદારોને કતલ કરવા શરૂ કર્યા જેમકે અબુલફઝલ અલ્લામી મોટા વઝીરને તેમજ જનાબે કાઝી સાહેબ વિગેરેને શહીદ કરાવી નાખ્યા, તે પછી એ દુશ્મનોએ વિચાર્યુ કે અલી કુલીખાન શેર અફગન બહાદુરને શહીદ કરાવવા જોઈએ, કેમકે તે શિયાહ અને જબરદસ્ત પહેલવાન છે, તેથી બાદશાહને ફરેબ આપી એ જનાબ ખાનસાહેબનો ઘાટ ઘડવાની તજવીજ કરી, તે વખતે બાદશાહના મનમાં આવ્યું કે અલી કુલીખાનને મારવાથી લાંબી મુદ્દતની ઉમ્મેદ પૂરી થશે, એટલે તેને માર્યા પછી તેની સ્ત્રી મારા કબજામાં આવશે, બીજું આ આલીમોની મરજી સચવાશે, એવા ખ્યાલથી એ બહાદુરને કતલ કરવાની રજા આપી, પહેલે તો એક રાજાની સાથે લડવા માટે છુપી રીતે મોકલ્યા કે ત્યાં જઈ કતલ થઈ જશે, પણ જયારે અલી કુલીખાન બહાદુર વિજય પ્રાપ્ત કરી પાછા આવ્યા પછી એક હાથી સાથે કુશ્તી કરાવી તેમાં પણ ફતેહ પામ્યા, પછી ચાર શેર સાથે કુશ્તી કરાવી તો પણ કુદરતે ખુદાથી જીત્યા પછી કોઈ રીતે ઈલાજ ચાલ્યો

નહીં તેથી લાચાર થઈને ચાલીસ ડાકુ જબરદસ્તોને ઈનામનો વાયદો આપીને કતલ કરવા કહ્યું, પણ એ ચાલીસે જણથી કાંઈ વળ્યું નહીં.

છેવટે એ બહાદુર જવા મર્દ હૈદરે કર્રારના ગુલામે જોયું કે જેમ તેમ કરીને બાદશાહ કતલ કરવાની પાછળ લાગ્યો છે તેથી રજા લઈને પોતાની જાગીર બંગલામાં બુરદવાન ગામમાં હતી ત્યાં ચાલ્યા ગયા, હવે તેઓએ ઈર્ષાખોરોથી છેટે જઈ રક્ષણની જગ્યા સમજીને રહયા, પણ એ હાસીદોએ ચેનથી રહેવા આપવા પસંદ કર્યું નહીં, અને બાદશાહને ફરી ઉશ્કેરી કેટલીક તદબીરો બતાવી એક મલઉન પોતે એ કામ કરવા તૈયાર થયો કે કોઈ રીતે એ નામી બહાદુરને કતલ કરી નાખે, પછી બાદશાહ પાસેથી બંગાળા ઈલાકાની હુકુમત મેળવી ગવર્નર થઈ બુરદવાન ગયો, અને અલીકુલી ખાનની સાથે વાતચીત કર્યા પછી છુપી રીતે છાપો માર્યો તેથી સામસામી ઝપાઝપી ચાલી અરસપરસ કેટલાક કતલ થયા છેવટે એ બહાદુર ઘાયલ થઈને શહીદ થઈ ગયા.

એ અલી કુલીખાન બહાદુર સાહેબ શહીદ થવાથી આપની સ્ત્રી નુરજહાં બેગમ તથા બીજા સગાવ્હાલાને કૈદ કરીને અકબરાબાદમાં બાદશાહના દરબારમાં લાવ્યા, નુરજહાં બેગમને ઈજ્જત અને માનથી મહેલમાં મોકલી આપી અને ત્યાં કેદી તરીકે રાખી, બીજાઓને પણ કેદ રાખ્યા.

બાદશાહને બરાબરનો મૌકો મળવાથી જહાંગીરશાહ પોતે નુરજહાં બેગમ પાસે ગયો અને પોતાના મતલબની વાત

જાહેર કરી, નુરજહાંએ કહ્યું તારી સાથે મારે નિકાહ કરવા દુરસ્ત નથી કેમકે તુ ઔલાદે રસૂલનો કાતીલ છો તે અમારા શિયા મઝહબના આલીમ અને મુજતહેદને કતલ કરાવ્યા, તે અમારા શિયા મઝહબના મોટા મોટા સરદારોને મારી નખાવ્યા, એટલુંજ નહીં પણ મારા વ્હાલા અને પ્યારા પતિને શહીદ કરાવ્યા, અને તારો એતેકાદ આલે રસૂલની દુશ્મનીનો છે માટે તારી સ્ત્રી થવા કરતાં મારા માટે મરવું વધારે યોગ્ય છે.

આ સાંભળીને જહાંગીરશાહે કહ્યું મેં જનાબ કાઝી નુરૂલ્લાહ સાહેબને શહીદ કરાવ્યા નથી અને એ લોકોએ ફરેબ કરી હું શરાબના નશામાં હતો તે વખતે મારી પાસે કતલ કરવાની રજા ઉપર સહી કરાવી લીધી, એવા એવા બહાના કર્યા, અને કેટલીક મુદ્દત સુધી મઝહબ વિશે આપસમાં વાદવિવાદ ચાલ્યો, અને દરેક વખતે નુરજહાં ફતેહ મેળવતી અને જહાંગીરશાહ હારી જતો, છેવટે લાચાર થઈને જહાંગીરે ખાનગીમાં શિયા મઝહબ સ્વીકાર્યો, તે પછી નુરજહાંનને કહ્યું હવે મારી સાથે નિકાહ કર, નુરજહાંન રાજી થઈ નહી તેથી જહાંગીરશાહે કહ્યું જો તારો મઝહબ સ્વીકાર્યો છતાં તુ કબૂલ થતી નથી માટે યાદ રાખ હવે હું પાછો એ મઝહબ મૂકી આપીશ એટલુંજ નહીં પણ હિન્દુસ્તાનમાં જેટલા તારા મઝહબના અનુયાયીઓ છે તે તમામને કતલ કરાવી નાખીશ.

નુરજહાં બેગમે જયારે આવી સખત ધમકી જોઈ અને સમજી કે હવે ઈન્કાર કરવામાં મોટી ખરાબી થશે શિયા માર્યા જશે તેથી સવાબનું કામ જાણી નિકાહ કરવા હા પાડી, પછી

તો જહાંગીરે બહુજ ધામધૂમથી નુરજહાં બેગમ સાથે પોતાના નિકાહ કર્યા.

જયારે નુરજહાં બેગમની સંપૂર્ણ સત્તા થઈ અને રાજના કામકાજમાં પોતે દાખલ થઈ અને કોઈ જાતની ઉણપ રહી નહીં તે વખતે નુરજહાંએ વિચાર્યુ કે જયારે મને આવી સત્તા મળી છે ત્યારે આ મૌકાને હાથમાંથી જવા દેવો નહીં અને મનની મુરાદો પૂરી કરવી, એટલે નાએબે ઈમામ હાકીમે શરાઅ દીન અને ઈસ્લામના સરદાર જનાબ કાઝી સૈયદ નુરૂલ્લાહ સાહેબ (અ.મ.)ના ખુનનો બદલો કાતીલોથી લેવો જોઈએ કારણ કે તેઓએ ખોટો ફતવો ઘડીને એ નુરે ખુદાને શહીદ કર્યા અને અકબરશાહ માટે પણ કુફ્રના ફતવા જારી કરેલ તે તમામને સજા આપવી, એ વિચારથી એ તમામ જણને મહેલમાં બોલાવ્યા બાદશાહે કહ્યું આ લોકો સાથે વાદવિવાદ કરો, પછી બાદશાહે કેટલાક સવાલ કર્યા અને જે જે મસઅલામાં તેઓ સપડાય એવા હતા તે લખાવી તેઓ પાસેથી સહીહ કરાવી અને તેમાં એવો મતલબ નીકળતો હતો કે તે ફતવાથી પોતેજ કતલને લાયક થયા, છેવટે નુરજહાં બેગમે એ સર્વે કાતીલો અને હાસીદોને છુપી રીતે તેજ સ્થળે કતલ કરાવીને એક નજાસતવાળા કુવામાં નાખી કુવાનું મોઢું બંધ કરી દીધું કે કોઈને ખબર પણ પડી નહીં, અને એજ કારણ છે કે આ રિવાયત મશહુર તેમજ લખેલી નથી ખાસ ખાસ જાણે છે. તેથી કેટલાંક સાચી જાણતા નથી. વલ્લાહો અઅલમ.

# જનાબની ઝિયારતનો સવાબ.

હઝરતે રસૂલેખુદા (સ.અ.વ.), જનાબે ફાતેમએ ઝહરા અને અઈમ્મએ હોદા (અ.મુ.સ.)ની ઝિયારતનો અને ઓલમાની ઝિયારતનો પણ સવાબ છે, એટલુંજ નહીં પણ મોઅમેનીનની કબ્રની ઝિયારતનો પણ સવાબ છે, જનાબે શહીદે સાલેસ એક મહાન આલીમ ઉપરાંત સૈયદ આલે રસૂલ અને ખુદાની રાહમાં શહીદ થયેલ છે તેઓની ઝિયારતનો સવાબ કેમ ન હોય ? નુરૂલ મજાલીસના કર્તા લખે છે કે મેં સત્ય વકતાઓથી સાંભળ્યું છે કે એક જવાન મોઅમીન આગ્રાના કોઈ ગામડાનો રહેવાવાળો અને કેટલાક કહે છે કે આગ્રામાં એક મોહલ્લો હાજી હસનના કટરાને નામે છે તેની પાસે રહેવાવાળો હતો તેણે જનાબે ઈમામે હુસૈન (અ.સ.)ની ઝિયારતનો સવાબ સાંભળ્યો તેથી પોતાની માં તથા સ્ત્રીને આગ્રામાં મૂકીને કરબલાએ મોઅલ્લા ગયો, અને ત્યાં જઈને આકાની મોહબ્બતનો એવો જોશ થયો કે પાછા આવવા દીલ થયું નહીં અને ત્યાંજ રહેવું પસંદ કર્યું, તેની માં તથા તેની જુદાઈમાં રાત દિવસ કલ્પાત કરતી અને રડતી હતી, અને મજલીસોમાં જઈ અલમ અને તાઝીયા પાસે આકા ઈમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત પડીને તે ઘરે જલદી આવે એવી દોઆ માગતી, એ મુજબ કેટલાંક વર્ષ વિતી ગયા.

અહીંયા આ બાનુઓનો એ મુજબ હાલ હતો, ત્યાં કરબલામાં તે શખ્સ આકાની ઝિયારત કરવામાં મશગુલ હતો, છેવટે એ બિચારીઓની દોઆ કબૂલ થઈ તેથી આશકે હુસૈને

કરબલામાં સ્વપનું જોયું કે હઝરત ઈમામે હુસૈન (અ.સ.) ફરમાવે છે કે તારી મા અને તારી સ્ત્રી તારા માટે બેચેન છે માટે પોતાને ઘરે જઈ એ સર્વેને ખુશ કર, આ સ્વપનું જોઈને ઉઠયો પણ ઝિયારતના સવાબના જોશમાં એ સ્વપનાને ખ્યાલી સમજી તે ઉપર કાંઈ ધ્યાન આપ્યું નહીં, બીજી રાત્રે પણ આકાએ એજ મુજબ હુકમ ફરમાવ્યો, તે વખતે પણ ધ્યાન આપ્યું નહીં, પછી ત્રીજી રાત્રે હઝરતે ઈમામે હુસૈન (અ.સ.)એ સખત હુકમ કર્યો કે તારે વતન જા તેથી હિંમત કરીને બોલ્યો કે યા મૌલા આપ જયારે હુકમ ફરમાવો છો ત્યારે લાચારીથી હું હિન્દુસ્તાન જાઉં છું પણ અફસોસ થાય છે કે આપની ઝરીહ મુબારકથી છેટો થઈ જઈશ અને આપની ઝિયારતના અઝીમ સવાબથી મહરૂમ રહીશ.

આપે જવાબમાં ફરમાવ્યું કે તુ દર જુમેરાતે મારા ફરઝંદ નુરૂલ્લાહ શહીદની ઝિયારત કરતો રહેજે કે તેથી તને મારી ઝિયારત કરવાનો સવાબ મળશે, અને આપે જનાબે કાઝી સૈયદ નુરૂલ્લાહ સાહેબની કબ્રની નિશાની પણ બતાવી કે ફલાણી જગ્યાએ છે.

આ મુજબ હુકમ થવાથી એ મોઅમીન કરબલાથી આગ્રા આવ્યો અને પોતાની મા વિગેરેને મળ્યો અને પોતાનુ ખરૂં સ્વપનું પોતાની માં વિગેરેને બયાન કર્યું, તે વખતે એ ઘરડી મા પોતાના પુત્રને લઈને જનાબ સૈયદ નુરૂલ્લાહ સાહેબ (અ.મ.)ની કબ્ર શોધતી આકાએ ફરમાવેલી નિશાનીઓને આધારે ગઈ ઘણી તપાસ અને તલાશ કર્યાથી એ જનાબની કબ્ર મુબારકનો પત્તો લાગ્યો ત્યાં જઈને ઝિયારત પડયા.

# વાર્ષિક મજલીસો

એ જનાબનો રોઝો બંધાયા પછી કેટલાંક સાહેબો ત્યાં વાર્ષિક મજલીસો કરે છે, આપની વફાતની તારીખે જે લોકો સરકારી સર્વીસમાં હોય છે તેઓ શરીક થઈ શકતા નથી તેથી હુતાશનીના તહેવારોમાં પાંચ દિવસની રજા હોવાથી એ વાર્ષિક મજલીસોને એ દિવસોમાં કરવામાં આવે છે, તેનો પ્રોગ્રામ દર વર્ષે પેપરોમાં છપાય છે, તેથી હિન્દુસ્તાનના મશહુર વાએઝો અને ઝાકીરો ત્યાં જાય છે, અને ત્રણ દિવસ મજલીસોનો જલસો યોજવામાં આવે છે.

ખાસ કરીને તે મઝારની મજલીસોમાં દિવસે અને દિવસે રોનક વધે એ માટે જનાબ મૌલાના નાસીર હુસૈન સાહેબ કીબ્લા (અ.મ.)એ અત્યંત કોશિશ કરેલી એટલું જ નહીં પણ જયારે આપનો આખરી વખત આવ્યો ત્યારે વસીયત કરી કે મારી લાશને આગ્રામાં દફન કરજો, જે વિશે રાહે નજાતના ૫૧ મી સાલના ૧૦ માં અંકમાં લખેલ છે.

આપની લાશને ગુસ્લ કફન આપી, નમાઝ પઢીને લખનઉમાં અમાનત રાખવામાં આવી હતી અને પછી સન ૧૩૬૨ રબીઉલ અવ્વલની લગભગ ૧૫ મી તારીખે એ જનાબના રોઝા મુબારકમાં દફન કરવામાં આવેલ, હજારો શિયાઓ શરીક થયેલા તેમજ હિન્દના ઓલમા અને ઝાકીરો પણ તશરીફ લાવ્યા હતા.

# શહીદે સાલિસની ઝિંદગીનો ટૂંકો પરિચય

નવા ટેકનોલોજીના યુગમાં આખી દુનિયામાં હકારાત્મક (સારા) સંકેતોની સાથે નકારાત્મક પરિણામો પણ દેખાઈ રહ્યા છે. નવી ટેકનોલોજીની આડઅસરમાંથી એક એ છે કે નવી યુવાપેઢીનું પોતાના આદાબ અને સામાજીક વાતાવરણથી અલગ થઈ જવું અને પોતાની ઓળખાણને ખોઈ બેસવી પણ છે.

કાઝી નુરૂલ્લાહ મરઅશી શુસ્તરી ઈલ્મ, જેહાદ અને શહાદત આપનાર મર્દોમાં તેમનો શુમાર થાય છે. એક જવામર્દ કે જેમણે મેદાદે ઓલમાઅ (ઓલમાની કલમ)ને દીમાએ શોહદાઅ (શહીદોના લોહી)થી મેળવી દીધી અને બલ અહયાઅ (હંમેશા જીવંત)નો ગૌરવભર્યો મરતબો મેળવ્યો.

કાઝી નુરૂલ્લાહ શુસ્તરી ખાલિસ મુદર્રીસ, મહાન ફકીહ અને કાઝી (ન્યાયધીશ) હતા. અડધી રાતના સમયને દુનિયા અને તેની લઝ્ઝતોથી દુર થઈને કબુલ થવાવાળી ઈબાદતોમાં ગુઝારતા હતા.

આપે લખેલી કિતાબો જેવી કે એહકાકુલ હક્ક, મજાલીસુલ મોઅમેનીન, મસાએબુન્નવાસીબ અને સવારેમુલ મોહર્રેકા વગેરે આજે પણ ઉપલબ્ધ છે. જ્યારે કે આપનાથી કોઈએ આની પ્રકાશન કરવાની કે ફેલાવવાનો વાયદો કર્યો ન હતો પરંતુ ઈતિહાસ ગવાહ છે કે આપની ખુલુસતાની

બરકતો અને આપ ઉપર મૌલાની બરકતોને લીધે આપના ઈલ્મની અસરોની ખ્યાતી બાકી છે અને આપણને ખુલુસતાનો બોધ આપે છે અને તમામ લોકોને પૈગામે ઈલાહીની યાદદહાની કરાવે છે.

અમોએ ઉપરોક્ત વાત જે નવી યુવાપેઢીનાં આદાબ, રીતભાત, સામાજીક વાતાવરણથી અજાણ હોવા વિષે કરી છે તે એ નવી યુવાપેઢી છે કે જે કાઝી નુરૂલ્લાહ શુસ્તરી જેવા મહાન આલીમથી અજાણ છે. આપણા હિન્દુસ્તાનમાં આટલા મહાન શહીદની મઝાર (કબ્રે મુબારક) આગ્રામાં છે પરંતુ આપણી નવી પેઢીનું ધ્યાન તેના તરફ નથી. અગર કોઈ થોડા લોકો આ શહીદ આલીમ વિષે જાણે પણ છે તો ફક્ત એટલું જ કે તેમની કબ્રે મુબારક આગ્રામાં છે અને વાર્ષિક મજલીસનો પ્રોગ્રામ થાય છે. ત્યાં મુરાદો પૂરી થાય છે. એટલા માટે અમુક લોકો તેમની ઝીયારતે જાય છે.

જેમકે કાઝી નુરૂલ્લાહની ખીદમતો જે બેશુમાર છે. પરંતુ ફક્ત થોડી જ કિતાબો ઓળખાણ કરાવે છે કે જેને આપણે આંગળીઓના વેઢે ગણી શકીએ કે જે પણ અરબી ભાષામાં અને આ ભાષાની જાણકારી ન હોવાના કારણે આપણી નવી પેઢી કાઝી નુરૂલ્લાહ શુસ્તરી (અ.ર.)ની અમુલ્ય ખિદમતોથી અજાણ રહે છે.

*   *વિલાદત :*

વિલાદતની તારીખ વિષે એટલું મળે છે કે આપ હિજરી સન ૯૫૬માં ઈરાનનાં શહેર શુસ્તરમાં પૈદા થયા શુસ્તરને અરબી કિતાબોમાં તુસ્તર લખવામાં આવે છે.

*   *તાઅલીમ (શિક્ષણ) :*

શરૂઆતની તાલીમ ઉલુમે અકલી અને કુરઆન અને હદીસોનું ઈલ્મ તેમણે પોતાના વાલીદથી તેમના વતન શુસ્તરમાં જ લીધુ હતું. આપના ઉસ્તાદોમાં મીર સફીયુદ્દીન અને મીર જલાલુદ્દીન મોહમ્મદ સદ્ર પણ હતા.

*   *મશહદમાં પ્રવેશ :*

લગભગ ૨૩ વર્ષની ઉમ્રમાં હિજરી સન ૯૭૯માં શુસ્તરથી ઝીયારત માટે અને વધારે ઈલ્મ હાંસિલ કરવા અને તઝકીએ નફસ માટે મશહદે મુકદ્દસે રીઝવી તરફ રવાના થયા અને માહે મુબારકે રમઝાનમાં મશહદ પહોચ્યા અને દીનનું ઈલ્મ અને હકાએકની ઊંડી સમજણ માટે કાર્યરત થઈ ગયા.

મશહદમાં આપ (અ.ર)એ મશહુર આલીમેદિન મૌલાના અબ્દુલ વાહીદ બિન અલી કુદ્દસ સરહના દર્સમાં શિરકત કરી.

*   *કાઝી નુરૂલ્લાહની હિન્દુસ્તાન તરફ હિજરત :*

બાર વર્ષ મશહદે મુકદ્દસમાં તાલીમ અને તરબીયત પુર્ણ કર્યા પછી શવ્વાલ મહિનાની શરૂઆતમાં હિજરી સન

૯૯૩માં આપ હિન્દુસ્તાન તરફ હિજરત માટે નીકળ્યા. મશહુર એ છે કે આપ હિન્દુસ્તાનમાં સીધા દરબારે અકબરમાં પહોંચ્યા. અમુક લોકોએ આપની હિજરતનું અસલ કારણ એવું બયાન કર્યું છે કે તે સમયે મશહદમાં સતત મુસીબતો, દર્દનાક બનાવો, બગાવતો અને ઈન્કેલાબાતોનું થવું અને તે સમયે હિન્દુસ્તાનમાં મોગલ બાદશાહ અકબરનો સમય હતો. અને તેને શાંતિ અને સલામતીનો સમય માનવામાં આવતો હતો. આથી આપે એહલેબૈત (અ.મુ.સ)નું ઈલ્મ અને શિય્યતના પ્રચાર માટે આ ઝમીનને પોતાની હંમેશાની રહેવાની જગ્યા કરાર દીધી.

ઈતિહાસ તે વાતની ગવાહી આપે છે કે અકબરના દરબારમાં ઘણાબધા શિઆઓ મોટા મોટા ઓહદાઓ પર હતા અને અકબરથી ઘણાબધા નઝદીક હતા. તેમાંથી બીરમમખાન, અલીકલીખાન, મીર મુર્તઝા શીરફી, હુસૈન ખાન ટકરયહ, શૈખ મુબારકલ્લાહ, અબુલ ફઝલ, ફૈઝી, હકીમ અબુલ ફતહ ગીલાની અને ફતહુલ્લાહ શીરાઝી હકીમ અબુલ ફઝલ હિજરી સન ૯૮૩માં હિન્દુસ્તાન આવ્યા હતા અને અકબરના નજીકના વર્તુળ માંહેના માણસ બની ગયા હતા.

ઉપર બતાવેલા નામોમાંથી ફતહુલ્લાહ શીરાઝી અને હકીમ અબુલ ફતહ ગીલાનીએ કાઝી નુરૂલ્લાહની ઓળખ અને પરિચય બાદશાહ અકબરથી કરાવ્યો. તે સમયે અકબર

લાહોરમાં હતો. બે વર્ષ પછી આપ અકબરના હુકમથી કાઝીયુલ કઝાત મુખ્ય ન્યાયધીશનાં ઓહદા ઉપર આવ્યા હતા. પરંતુ આપે આ ઓહદાને નીચે મુજબ શર્ત સાથે કબુલ કર્યો

* *ન્યાયધીશનાં ઓહદા માટેની શર્ત :*

આપે અકબરથી કહ્યું કે હું આ ઓહદોએ શરતની સાથે સ્વીકારીશ કે હું ખુદ પોતાની નઝરીયાત અને દલીલો ધરાવું છું તેમજ હું મસાએલ માટે ચારો ફીકહ (હનફી, શાફેઈ, માલીકી અને હમ્બલી ફિકહ)નો કૈદી નથી સમજતો પરંતુ હું આ ચારે ફીકહની બહારનો ફેંસલો નહિ આપું. આ ચારેય ફીકહ ઉપરથી નતીજો મેળવીને પછી ફેંસલો આપીશ. (કોઈ એક ફિકહ મુજબ ફેંસલો નહિ કરૂં)

બાદશાહે આ શર્ત કબુલ રાખી જ્યારે કે કાઝી નુરૂલ્લાહ મઝહબે ઈમામીયા મુજબ જ ચુકાદો કરતા હતા, જ્યારે લોકો તેમના ચુકાદા ઉપર એઅતેરાઝ (વાંધો) કરતા તો આપ તેમને આ ચાર ફિકહમાંથી કોઈ એક ફિકહની રોશનીમાં ચુકાદાને સમજાવી દેતા. આવી રીતે પક્ષપાતી અને હસદ કરનારાઓનું શર્મની સાથે મોઢું બંધ થઈ જતું, પરંતુ તેઓના પક્ષપાતી વલણ અને હસદમાં વધારો થતો ગયો, પરંતુ અકબરના ઝમાનામાં પક્ષપાતી અને હસદખોરોનું કઈ ન ચાલ્યું અને તેમના ષડયંત્રો નાકામ થઈ ગયા અને તે લોકો કાઝી

નુરૂલ્લાહને કોઈ નુકસાન ન પહોચાડી શક્યા, ત્યાં સુધી કે અકબર મરી ગયો અને તેનો દીકરો નુરૂદ્દીન જહાંગીર તખ્ત પર આવ્યો અને તે બાદશાહ બન્યો. જહાંગીરને શહેઝાદાએ સલીમ પણ કહેવામાં આવે છે. સલીમ ચિશ્તી જહાંગીરનો સલાહકાર હતો. પરંતુ અમુક રિવાયતો મુજબ સલીમ ચિશ્તીની દોઆના કારણે જ જહાંગીર પૈદા થયો હતો અને તેના નામ પરથી જ સલીમ નામ રાખવામાં આવ્યું હતું.

* *ખુલાસો :*

અકબરની રાજધાની લાહોરમાં હતી પરંતુ હિજરી સન ૯૮૧માં તેમણે દિલ્હીની નજીક યમુના નદીના કિનારે નવું શહેર વસાવ્યું, જેમનું નામ અકબરાબાદ રાખવામાં આવ્યું અને તેને જ પોતાની રાજધાની કરાર દીધી. પછીથી આ શહેરનું નામ આગ્રા થયું, જે આજ સુધી આ જ નામે છે. જૂની કિતાબોમાં કાઝી નુરૂલ્લાહ શુસ્તરીનું દફન સ્થળ અકબરાબાદ લખવામાં આવ્યું છે.

* *દોસ્તોની મૌત અને મદદગારોનું ચાલ્યું જવું :*

કાઝી નુરૂલ્લાહ પોતાના અમુક દોસ્તો અને ચાહવાવાળા અને બાદશાહોના વફાદાર લોકોના ઈન્તેકાલ અને પોતાના મદદગારોની કમીના કારણે બેસુકુન અને વ્યાકુળ હતા અને તે કોશિશમાં હતા કે ઈરાન પરત ચાલ્યા જાય પરંતુ તેમની આ કોશિશ કામ્યાબ ન થઈ. હકીમ અબ્દુલ

ગીલાનીનો ઈન્તેકાલ પણ અકબર બાદશાહના આખરી ઝમાનામાં થઈ ગયો હતો. આથી આપ એકલા થઈ ગયા હતા. જહાંગીરના સમયકાળમાં અમુક પક્ષપાતી સુન્નીઓ કે જે આપનાથી દુશ્મની રાખતા હતા, તે લોકોની દુશ્મનીના કારણે આપનું જીવન સખ્ત થઈ ગયું હતું. આ વિષે ખુદ કાઝી નુરૂલ્લાહનું બયાન ધ્યાન આપવા લાયક છે કે ઓલમાએ એહલે સુન્નત તેમની જુની પરંપરા મુજબ હાકીમને (રાજાને) બીજાના વિરૂધ્ધ બહેકાવતા અને તેમાં ખાસ કરીને શિઆ આલિમોની વિરૂધ્ધ ઘણી સખ્ત રીતે હાકીમોને બહેકાવતા. આથી આપ ફરમાવતા કે અમુક એહલે સુન્નતની દરમિયાન રીવાજ હતો કે જયારે હદીસ અને મોઅજીઝનુમા વાતના મતલબની સામે આજીઝ અને લાજવાબ થઈ જતા.

અને જયારે હદીસ અને મોઅજીઝાના અર્થની સામે પોતાના જુઠ્ઠા દ્રષ્ટાંતો ખોટા સાબિત થતા ત્યારે દુશ્મનો જવાબ આપી શકતા ન હતા અને ઈલ્મની રોશનીમાં કોઈ પ્રશ્નનો ઉકેલ ન લાવી શકતા તો તલ્વાર, લાકડી અને કલમતરાશી વડે તેમનાથી વાદ–વિવાદ કરતા અને તેમાં પણ હારનો સામનો કરવો પડે તો તેના પર તોહમત લગાવતા અને હાકીમને તેના વિરૂધ્ધ કાન ભંભેરણી કરતા અને આ કાર્યમાં પણ સફળ ન થાય તો તેના મૌતની તમન્ના કરતા.

હસદખોરો આ હંમેશા કોશિશમાં રહેતા કે કોઈ પણ

રીતે કાઝી નુરુલ્લાહનું શિઆ હોવું સાબિત થઈ જાય. આથી એ લોકો અલગ અલગ પ્રકારના પ્રશ્નો કરતા. ઈતિહાસમાં ઘણા બધા પ્રસંગો મૌજુદ છે.

(૧) મુફ્તિઓએ એક દિવસ સાંભળ્યું કે કાઝીએ અલી (અ.સ.) માટે અસ્સલાતો વસલ્લમ શબ્દ વાપર્યો છે આથી તે લોકોએ તેને બિદઅત કહ્યું અને કહ્યુ કે આ વાક્ય (અસ્સલાતો વસલ્લમ) રસુલે ખુદા (સ.અ.વ.) માટે જ ખાસ છે અને આ રીતે આપના ખૂનને હલાલ હોવાનો ફતવો જાહેર કર્યો. બધાએ આ ફતવા પર સહી કરી દીધી અને અકબરની પાસે મોકલ્યો. બધાએ સહીઓ કરી હતી પરંતુ એક મુફ્તીએ સહી કરી ન હતી અને આ ફતવાનો વિરોધ કર્યો અને એક શેઅર લખીને અકબરની પાસે મોકલ્યો.

અગર લહમોક લહમી આ હદીસે નબવી છે તો પછી સલ્લે અલા વિના નામે અલી બેઅદબી છે.

અકબર પર આ શેઅરની એવી અસર થઈ કે તે કાઝીના કત્લથી ફક્ત દુર જ ન રહ્યો, બલ્કે તેના દિલમાં કાઝી પ્રત્યે મોહબ્બત વધી ગઈ.

* *કાઝી નુરૂલ્લાહ સાહેબના પ્રકાશનો (કિતાબો):*

સફવી હુકુમતના સમયમાં આપનો શુમાર મહાન આલીમોમાં થતો હતો. આપ શૈખ બહાઈ (ર.અ.)ના સમકાલીન હતા કે જેમનો શુમાર બહુજ બુદ્ધિશાળી લોકોમાં

થતો હતો.

આપની કિતાબોની સંખ્યા લગભગ ૧૪૦ કિતાબ, સામયિકો અને નોંધ (ફુટનોટ)ના સ્વરૂપે મૌજુદ છે અથવા બીજા આલીમોની કિતાબોમાં મૌજુદ છે.

આપ શાયરીનો શોખ પણ ધરાવતા હતા અને નઝમ અને તેના દરેક પ્રકારોનાં બારામાં નિપુણતા ધરાવતા હતા. આપના અશઆરના કલામ પણ મૌજુદ છે આપનું ઉપનામ નુરી હતું. આપ અરબી અને ફારસી બંને ભાષાઓમાં શેર કહેતા. આપની મશહુર કિતાબોમાંથી આ ચાર કિતાબ બહુજ મશહુર છે (૧) એહકાકુલ હકક (૨) મજાલીસુલ મોઅમેનીન (૩) અલ સવારેમુલ મોહર્રેકા (૪) મસાએબુન્નવાસીબ

અલ્લામા અમીની (ર.અ.)એ તેમની કિતાબ શોહદા વલ ફઝીલતમાં લગભગ એકસો કરતા વધુ આર્ટીકલો અને ફુટનોટનો ઉલ્લેખ કર્યો છે અને તેવી જ રીતે આયતુલ્લાહ સૈયદ શાહબુદ્દીન હુસૈની મરઅશી નજફી એ એહકાકુલ હકકના ત્રીજા ભાગની પ્રસ્તાવનાની ફુટનોટમાં હયાતે કાઝી શહીદના નીચે મુઝાતહ વ મવલુકાતહનાં શીર્ષક નીચે ૧૪૦ કિતાબોનો ઉલ્લેખ કર્યો છે.

* ***શહાદત સમયની રીત :***

શહાદતનો પ્રસંગ એ મુજબ છે કે તે સમયે જહાંગીર રાજગાદી પર આવ્યો, તે સમયે કાઝી નુરૂલ્લાહ ઓહદએ

કાઝી (ન્યાયધીશ) ઉપર ફાએઝ હતા.

વિરોધી ઓલમાઓને અને પક્ષપાતી આલીમોને કાઝી સાહેબના શિઆ હોવાની ખબર હતી અને તે લોકો બાદશાહોને વારંવાર ચુગલી (ચાડી) કરતા હતા કે આ શિઆ છે અને તે કોઈ મઝહબ (હનફી, શાફેઈ, માલીકી, હમ્બલી)ને અનુસરતા નથી અને તે ઈમામીયા મઝહબના પ્રમાણે ફતવાઓ આપે છે. બાદશાહે કહ્યું તેમણે પહેલા શરત મૂકી હતી કે તે આ ચાર મઝહબમાંથી કોઈનાં સંપૂર્ણપણે પાબંદ નહિ રહે. તેઓ તેના સંશોધન પ્રમાણે ફતવો આપશે.

હવે પક્ષપાતીઓ એ ફિક્રમાં હતા કે ગમે તેમ કરીને તેમનું શિઆ હોવું સાબિત થઈ જાય. આથી ઈબ્ને ઝ્યાદ જેવી યોજના શૈતાને વિરોધી આલીમોને બતાવી અને એક ખબીસને આપની પાસે મોકલવામાં આવે અને પોતાને શિઆ તરીકે ઓળખાવે અને તેમણે લખેલી કોઈ કિતાબ લાવે અને એવું જ થયું તે શખ્સ કાઝી નુરૂલ્લાહના વિદ્યાર્થીઓમાં શામિલ થઈ ગયો અને પોતાની જાતને શિઆ તરીકે ઓળખાવવા લાગ્યો અને એક લાંબા સમય સુધી તેમની પાસે રહ્યો ત્યાં સુધી કે કાઝી નુરૂલ્લાહને તેમની પર ભરોસો આવી ગયો.

એક દિવસ તેમને બહુ જ ખુશામત કરીને આપની લખેલી કિતાબ મજાલીસુલ મોઅમેનીન મેળવી લીધી અને

પછી તેણે આ કિતાબ વિરોધી આલિમો અને મુફ્તિઓને પહોંચાડી દીધી.

આ લોકોએ આ કિતાબ બાદશાહ સુધી પહોંચાડી અને કહ્યું કે આ કિતાબ આ રાફઝીએ લખી છે અને તેમને સજા મળવી જોઈએ.

બાદશાહે પૂછ્યું કે સજા શું હોવી જોઈએ? આ લોકોએ કહ્યું કે તેમને તાઝીયાનાથી (ચાબુકથી) મારવા જોઈએ. બાદશાહે આ કામને તેજ લોકોના હવાલે કરી દીધું. આ લોકોએ બહુજ જલ્દીથી આ હુકમ ઉપર અમલ કર્યો.

એક કાંટાળો ચાબુક બનાવવામાં આવ્યો અને તેનાથી એટલું બધું મારવામાં આવ્યું કે આપના બદનનું બધુ જ ગોશ્ત ટુકડા ટુકડા થઈ ગયું અને આપ એ જ હાલતમાં શહીદ થઈ ગયા અને આપના જદ સૈયદુશશોહદા અબી અબ્દીલ્લાહ (અ.સ.)થી જઈને મળી ગયા.

અમુક રિવાયાતોના પ્રમાણે આપના કપડાને શરીર પરથી ઉતારી લીધા હતા અને તાંબા અથવા લોઢાને પિગળાવીને આપના સર–મુબારક પર નાખવામાં આવ્યું ત્યાં સુધી કે આપના માથાના હાડકામાંથી હાડકાનો રસ થઈને બહાર આવ્યો અને આપની શહાદત થઈ ગઈ.

*(એહકાકુલ હક્ક પ્રસ્તાવનામાંથી*
*મઅ તઅલીકાત ૧૫૮, ૧૫૯)*

*    *શહાદતની તારીખઃ*

**નીચે મુજબ નો શેર પરથી આપની તારીખે શહાદત ખબર પડે છે.**

**અફજદના કાયદા મુજબ અફ્ઝાલુલ એબાદ બરાબર ૧૦૧૯ થાય છે**

**અને તેજ રીતે કેહવાય છે કે સૈયદ નુરૂલ્લાહ શહીદ = ૧૦૧૯**

**૨૬ રબીઉલ આખર હિજરી ૧૦૧૯ની અર્ધી રાત્રે આપની શહાદત ૬૪ વર્ષની ઉમરે થઈ.**

